# મહાભારતનાં પાત્રો શીખવે છે, શેરબજારમાં સફળ થવાની કળા

**લેખકઃ જયેશ ચિતલિયા**

**મ**હાભારત અને તેનાં પાત્રોથી ભાગ્યે જ કોઈ ભારતીય અજાણ હશે. આ કથાને આપણે બાળપણથી - વરસોથી સાંભળતા આવ્યા છીએ. આપણે મહાભારતને એક ધારાવાહિક ટીવી સિરીયલ રૂપે પણ સતત જોતા રહ્યા છીએ.  શું તમે શેરબજારમાં મહાભારતની કલ્પના કરી શકો છો? અહીં તેજી -મંદીના મહાભારતની વાત નથી, બલકે મહાભારતનાં પાત્રોની વાત છે. જો તમે શેરબજારમાં મહાભારતની કલ્પના કરી શકો તો તેનાં મુખ્ય પાત્રોમાંથી શેરબજારના વિવિધ પાઠ શીખવા મળી શકે. આજે આપણે શેરબજારના મહાભારતની કલ્પના કરી તેમાંથી મળતા બોધપાઠને સમજવાનો પ્રયાસ કરીએ. જો આ સમજાઈ જશે તો શેરબજારના મહાભારતમાં તમારી જીત નિશ્ચિત છે. ચાલો જોઈએ. આપણે ઈન્વેસ્ટર તરીકે મહાભારતના કયા પાત્ર સાથે મળતા આવીએ છીએ અને તે પાત્રમાંથી શી સમજ આપણે મેળવવી જોઈએ તેની ચર્ચા કરીએ.

શેરબજાર વાસ્તવિક યુદ્ધનું મેદાન ભલે નથી, પરંતુ અહીં રોજ લાખો-કરોડો શેરોના સોદા થાય છે. કૌરવ અને પાંડવોની જેમ બે પક્ષો છે, એક ખરીદે અને બીજો વેચે છે અને બન્ને એમ માને છે કે પોતે જે કરે છે તે બરાબર છે. સૌ શ્રેષ્ઠ ભાવ અને નફાની તલાશમાં છે, સૌને શ્રેષ્ઠ તકો જોઈએ છે. અહીં સત્તા, સંપતિ કે પદની લડાઈ નથી. એકબીજાની સંપતિ છીનવી લેવાનો કે એકબીજાને ખતમ કરવાનો સંઘર્ષ નથી. અહીં કૌરવો કે પાંડવો ભલે નથી, પણ સૌની પોતાની ગણતરી છે, વ્યૂહ છે, તેમ છતાં મહાભારતનાં પાત્રો અને તેમાંથી મળતા સંદેશ શેરબજારનાં રોકાણકાર- ખેલાડીઓ માટે મહત્ત્વના છે, જેને તેમના વર્તન સંદર્ભમાં સમજીએ.

**કૃષ્ણઃ** સૌપ્રથમ મહાભારતના કેન્દ્રીય પાત્ર કૃષ્ણને સમજીએ, જેમણે યુદ્ધભૂમિ પરથી અર્જુનને કહેલી વાતો ગીતાનો સંદેશ બની ગઈ. આ કૃષ્ણ એટલે શેરબજારનો સૌથી સ્માર્ટ ઈન્વેસ્ટર ખેલાડી, જે શેરબજારનાં તમામ પાસાંને સમજે છે અને તેમાંથી પાર ઊતરવાની તમામ વ્યૂહરચના ગોઠવીને જ આગળ વધે છે, હા, આ સ્માર્ટ ખેલાડી શેરબજારમાં સફળ થવા માટે પ્રત્યેક ખેલ કરે છે અને તે ધર્મના પક્ષે હોવાથી ધર્મની જીત માટે ક્યાંક નીતિ-નિયમ ભંગ પણ કરે છે, કિંતુ આમ કરતી વખતે તેને વાજબી ઠરાવી શકાય એ રીતે વ્યૂહ ઘડે છે. શેરબજારમાં સાચી અને સારી કમાણી માટે કૃષ્ણનો માર્ગ શ્રેષ્ઠ છે, જે

બજારનો પૂરતો અભ્યાસ કરે છે અને દરેક પાસાને સમજીને જ આગળ વધે છે. કૃષ્ણનું અન્ય દરેક પાત્રના ગુણ-અવગુણને સમજવું કે દરેક પાત્રની શકિત કે નબળાઈને જાણવું એ દરેક કંપનીના તેમ જ સંબંધિત ઉદ્યોગના ફંડામેન્ટલ્સને સમજવા બરાબર છે, જેથી તેનું સિલેકશન પાયાથી જ મજબૂત રહે છે.

**અર્જુનઃ** આ એક ઈમોશનલ ઈન્વેસ્ટર છે, જે રોકાણના નિયમોને અને બજારને સમજવા માટે સમર્થ છે, પરંતુ તે શેરો પ્રત્યે લાગણીથી ખેંચાઈ જાય છે, જેમાં તે પ્રમાણભાન ભૂલી જાય છે. પરિણામે તેને માર્ગદર્શન માટે કૃષ્ણ જેવા ઈન્વેસ્ટમેન્ટ ગુરુની જરૂર પડે છે, જે તેને સારા અને નરસાનો કે ખરા અને ખોટાનો ખ્યાલ આપે છે. અર્જુન જેવો ઈન્વેસ્ટર હાથમાં ખોટી સ્ક્રિપ્સ આવી ગઈ હોય અને તેને ખોટ કરીને વેચી દેવી જોઈએ એવું હોય તો પણ તે વેચી શકતો નથી અને એ શેર જાળવી રાખીને ખોટ વધારતો જાય છે. એ સ્ક્રિપ્સ સાથે લાગણીથી બંધાઈને રોકાણની ભૂલો કરતો રહે છે., પરંતુ તેને કોઈ વાજબી, તર્કબદ્ધ દલીલો સાથે સમજાવે તો આ અર્જુન તેની વાત માનવામાં પણ તૈયાર થઈ જાય છે, કોઈક વાર તો અર્જુન જેવા ઈન્વેસ્ટરને તેના સાચા ગુરુઓ કે શુભેચ્છકો એમ સ્પષ્ટ કહી પણ દે છે કે અમે કહ્યુંને ખરીદી લે, તો ખરીદી લેવાનું અને વેચી દે, તો વેચી દેવાનું, અમે જે કહીશું એ તારા રોકાણના હિતમાં જ કહીશું.

**યુધિષ્ઠિરઃ** આ ઈન્વેસ્ટર ધૈર્યવાન છે, તે લાંબા ગાળાનો રોકાણકાર છે, જેથી રોકાણ કર્યા બાદ બજારનું જે પણ કંઈ થાય તેના પેટનું પાણી હલતું નથી. જોકે આ યુધિષ્ઠિર સમાન ઈન્વેસ્ટર માત્ર અને માત્ર ધર્મના માર્ગે એટલે કે ફંડામેન્ટલ્સવાળી સ્ક્રિપ્સ જ ખરીદે છે, જેથી તેણે આગળ જતાં ચિંતા ન કરવી પડે. તેની જીત નિશ્ચિત છે, કિંતુ તે રોકાણ કર્યા બાદ સારો એવો સમય એ રોકાણ જાળવી રાખવાની નીતિ અપનાવે છે. આવો રોકાણકાર કયારેક મુસીબતમાં આવે કે તેના પર કોઈ આફત આવે, અર્થાત્ બજારમાં કટોકટી સર્જાય ત્યારે પણ તે ચલિત થતો નથી અને પોતાના રોકાણને જાળવી રાખીને લાંબા ગાળાની જીત મેળવવાની રાહ જુએ છે. હા, એક નબળાઈ તેનામાં જોખમી છે જો કોઈ તેને જુગારને કે સટ્ટાને રવાડે ચઢાવી દે તો એ પોતાના ઘરબાર પણ ગીરવી મૂકી દેતાં ખચકાતો નથી, જેથી આવા રોકાણકારે માત્ર જુગારથી દૂર રહેવાની સાવચેતી કે શિસ્ત પોતે જ જાળવવી પડશે.

**દ્રૌપદીઃ** આ ઈન્વેસ્ટર જિદ્દી ગણાય છે. તેઓને કોઈ કંઈ કહી દે તો એ ઉશ્કેરાઈ જાય છે. અલબત, તેઓ પોતે પણ કોઈને સંભળાવી દેવામાં કોઈ કસર બાકી રાખતા નથી. આવા ઈન્વેસ્ટરો હુંસાતુંસીમાં શેરોની ખરીદી કે વેચાણ કરી નાખે છે. પરિણામે રેશનલ કે વ્યવહારુ રહેતા નથી. કયારેક તો બીજાની વાતો સાંભળીને કે પારકી પંચાતના આધારે પણ રોકાણ કરી બેસે છે. આ પ્રકારના ઈન્વેસ્ટર સેન્સિટિવ પણ ખૂબ હોય છે, જેથી તેમના નિર્ણયોમાં પણ વોલેટિલિટી રહે છે, જે તેમના માટે જોખમી બની શકે છે તેમ છતાં જિદ્દી કે વધુ પડતા સંવેદનશીલ સ્વભાવને પરિણામે આ ઈન્વેસ્ટરો ભૂલો કરી બેસે કે ખોટાં રોકાણ નિર્ણય લઈ લેતા હોય છે.

**ધૃતરાષ્ટ્રઃ** આ એવા ઈન્વેસ્ટરો છે , જેમની પાસે બજારને જોવા પોતાની દૃષ્ટિ તો નથી જ, પરંતુ સમજવાની શકિત પણ નથી, જેને લીધે તેઓ માત્ર બીજાઓને પૂછી-પૂછીને જ આગળ વધે છે, પોતાની ધારણા બનાવે છે, રોકાણ કરે છે કે લે-વેચ કરે છે. તેઓ પોતાના શકુનિઓ જેવા સગાં-સંબંધીઓને અનુસરવામાં કે તેઓના નિર્ણયને જ વાજબી માની લેવાનો રવૈયો ધરાવે છે. પછી ભલે એમ કરવામાં તેમને નુકશાન થવાનું હોય. વધુમાં તેઓ પોતાની સમજ કે દૃષ્ટિના અભાવે પોતાના લાગતા-વળગતાઓના ખોટા, ગેરવાજબી કે જોખમી નિર્ણયોને પણ સમર્થન આપતા રહે છે. , જેને લીધે તેઓ એ સગાં-સંબંધીઓને આફતથી દૂર કરવાને બદલે ઉપરથી આફતમાં ઉતારી દેવામાં નિમિત્ત બને છે.

**દુર્યોધનઃ** આ રોકાણકાર યેનકેન પ્રકારેણ બજારમાં સટ્ટો કરવામાં જ રસ લે છે. ઈન્સાઈડર ટ્રેડિંગ, સર્ક્યુલર ટ્રેડિંગ, પ્રાઈસ રિગિંગ કે મેનિપ્યુલેશન વગેરે જેવી બાબતો જ તેને માફક આવે છે. આ બધું કરીને કમાઈ લેવામાં જ તેને જીવનનો સાર લાગે છે. ખોટ જાય, હેરાન થવાય, સજા મળે, બદનામી મળે તો પણ દુર્યોધન જેવા રોકાણકારો પોતાના અહંકારને લીધે આ બધું છોડી શકતા નથી. તેમને એનો પૂરેપૂરો ખ્યાલ હોય છે કે તેઓ ખોટું , ગેરવાજબી, ગેરકાનૂની કે અનૈતિક કાર્ય કરી રહ્યા છે, કિંતુ તેમને આ માર્ગ જ પસંદ પડે છે. તેમની અંદર પ્રામાણિકતાથી આવક કરવાની ધીરજ કે મનોવૃત્તિ જ હોતી નથી. તેઓની સૌથી મોટી ખામી જ એ હોય છે કે તેઓ પોતાને સર્વશકિતમાન અને જ્ઞાની ગણીને ચાલે છે અને ધનની તાકાતથી ધનને ખેંચવાની તમામ ચાલાકીઓ અજમાવતા રહે છે. આવા સટોડિયા અને ગોરખધંધા કરનારા ઓપરેટરો આખરે ખતમ થઈ જાય એવું બને, પરંતુ તેઓ સુધરવામાં માનતા નથી.

**કર્ણઃ** આ સ્માર્ટ ઈન્વેસ્ટર બનવાની શકિત ધરાવે છે, પરંતુ તેને સટ્ટો કરનારા ફટાફટ પૈસા બનાવનારા અને રાતોરાત લાખોપતિ બની જવામાં રાચનારા લોકો વધુ આકર્ષે છે, કારણ કે તેમની પાસે પોતાનાં ગુડવિલ કે નાણાં હોતાં નથી, જેથી ધિરાણ લઈને કે માર્જીન ટ્રેડિંગ મારફત પણ આવા રોકાણકારો સટ્ટાકીય તેમ જ દુર્યોધન જેવાના ખોટા માર્ગે જ રહે છે અને એવા માર્ગને જ ટેકો આપવામાં માને છે.

**ભીમઃ** આ રોકાણકારો ધનવાન ખૂબ હોય છે, કિંતુ આખરમાં તેમની પાસે માત્ર ધનની તાકાત રહે છે, જેને તેઓ સર્વસ્વ માની લે છે. બજારમાં સફળતા મેળવવા માટે માત્ર ધનની તાકાત જ પર્યાપ્ત નથી. તમારી પાસે ધીરજ, પસંદગી માટેની કુશાગ્ર બુદ્ધિ પણ જરૂરી બને છે. પૈસો પૈસાને ખેંચે છે એ વાત સાચી, પરંતુ દર વખતે પૈસાને લીધે સફળતા મળવી સંભવ નથી. વ્યૂહાત્મક અભિગમ સાથે નાણાંનું રોકાણ થાય એ વધુ મહત્ત્વનું રહે છે.

**સહદેવઃ** આ એક શાંત અને શાણો રોકાણકાર છે, તે ચૂપચાપ રોકાણ કરી લે છે, સમયસર નફો કે નુકસાન પણ બુક કરી લે છે. તેઓ કોઈ પણ કામ ઢોલ-નગારાં વગાડીને કરવામાં માનતા નથી. હા, માત્ર કોઈ પૂછે તો જ તેઓ પોતાની સફળતાનો રાઝ કહે છે. સામે ચાલીને તેમને પોતાનાં ગીતો કે ગુણગાન ગાવામાં રસ હોતો નથી. તેમને બજાર કઈ દિશામાં જઈ શકે? ત્યાં શું થઈ શકે ? એ બધી જ સમજ તેમના અભ્યાસને આધારે હોય છે, પણ સાવ લો-પ્રોફાઈલ રહીને કામકાજ કરતા હોવાને લીધે તેઓ કોઈના ધ્યાનમાં આવતા નથી. જોકે તેમની શકિત અને દૃષ્ટિનો જેમને પરિચય થાય કે ખ્યાલ આવી જાય તેવા રોકાણકારો-ખેલાડીઓ આ સહદેવ સમાન વ્યૂહાત્મક રોકાણકારનો લાભ લઈ શકે છે. પરંતુ તેઓ પાછા સહદેવને માનનારા હોવાથી આ કાર્ય ચૂપચાપ કરી લે છે. બજાર તેમને સાઈલન્ટ, બટ સકસેસફુલ પ્લેયર કહે છે.

વાત માત્ર મહાભારતની કે તેના પાત્રોની જ નથી,પરંતુ દરેક પાત્ર કે આસપાસની વ્યકિતના સ્વભાવમાંથી પણ આપણને સતત શીખવા મળતું હોય છે. આવા પાત્રોમાંથી રોકાણકારે પોતે જ સમજ લેવી પડે, કેળવવી પડે અને તેના આધારે આગળ વધવું પડે. યાદ રહે, અનેક વાર માત્ર પોતાની જ નહીં, બીજાઓની ભૂલમાંથી પણ શીખવા-સમજવા મળતું હોય છે.

--------------------------------------------------------------------------------